ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ

શનિવાર ૨૩ મે, ૨૦૨૬ | દાહોદ કાર્યાલય : સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785



### સંગઠન અને પક્ષના મોવડીમંડળ દ્વારા પસંદગી કરવામાં આવી

## પંચમહાલ જિ. પં.ના પ્રમુખ પદે નિરજ પટેલ વેજલપુર પંથકમાં આનંદનો માહોલ છવાયો

**વેજલપુર** જિલ્લા પંચાયત બેઠક પરથી નિરજ પટેલ વિજેતા બન્યા હતાં



(પ્રતિનિધિ) દાહોદ તા.22

પંચમહાલ જિલ્લાના રાજકારણ અને સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ બાદ આજે એક મહત્વના સમાચાર સામે આવ્યા છે. પંચમહાલ જિલ્લા પંચાયતના સર્વોચ્ચ પદ એટલે કે પ્રમુખ તરીકે વેજલપુર જિલ્લા પંચાયત બેઠકના સક્રિય અને લોકપ્રિય સભ્ય નિરજભાઈ પટેલની સર્વાનુમતે પસંદગી કરવામાં આવી છે. તેમની આ વરણી થતાં જ સમગ્ર પંચમહાલ જિલ્લા સહિત કાલોલ તાલુકાના વેજલપુર પંથકના કાર્યકરો અને ગ્રામજનોમાં ભારે હર્ષોલ્લાસ વ્યાપી ગયો છે. મળતી માહિતી મુજબ, સંગઠન અને પક્ષના મોવડીમંડળ દ્વારા નિરજભાઈ પટેલના પાયાના કાર્યો, વિસ્તારમાં તેમની લોકપ્રિયતા અને વહીવટી કુશળતાને ધ્યાને રાખીને તેમને જિલ્લા પંચાયતના સુકાની તરીકેની મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે. નિરજભાઈ પટેલ લાંબા સમયથી લોકઉપયોગી કાર્યો અને જનસેવા સાથે જોડાયેલા છે, ત્યારે તેમના પ્રમુખ બનવાથી જિલ્લાના વિકાસ કાર્યોને વધુ વેગ મળશે તેવી આશા સેવાઈ રહી છે.નિરજભાઈ પટેલની આ મોટી તાજપોશીથી સ્થાનિક સ્તરે ખુશીની લહેર દોડી ગઈ છે. વેજલપુરના જ વતની હવે આખા જિલ્લાનું સુકાન સંભાળવાના હોઈ, સ્થાનિક લોકોમાં ભારે ગર્વની લાગણી છે. હવે વેજલપુર ગામ ઉંચી શિખરો પાર કરશે અને એક નવી દિશામાં વેજલપુર ગામનો વિકાસ ભરપૂર થશે તેવું ગ્રામજનોમાં જોરશોરથી ચર્ચાઇ રહ્યું છે.નિરજભાઈ પટેલની પ્રમુખ તરીકે પસંદગી થતા જ સાથી સભ્યો, રાજકીય આગેવાનો અને સ્નેહીજનો દ્વારા તેમને પુષ્પગુચ્છ આપી મોં મીઠું કરાવી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. સોશિયલ મીડિયા પર પણ સવારથી જ તેમના પર શુભેચ્છાઓનો અવિરત વરસાદ થઈ રહ્યો છે.

### દાહોદ જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી રજૂઆત કરાઇ

## વિદ્યાસહાયકની ભરતીમાં OBC ઉમેદવારોને 27% અનામત આપો



(પ્રતિનિધિ) દાહોદ તા.22

રાજ્ય સરકાર શિક્ષણ વિભાગની જાહેરાત મુજબ આગામી ટૂંક સમયમાં સમગ્ર રાજ્યમાં અગિયાર હજાર જેટલા વિદ્યાસહાયકો ( ધોરણ.1થી 5) ની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે.અને આ ભરતી પ્રક્રિયામાં સરકારે જાહેર કરેલ 27% OBC અનામત મુજબ જ ટેટ પાસ ઉમેદવારોને અનામતનો લાભ મળી રહે તે માટે આજરોજ દાહોદ જિલ્લા ખાતે માનનીય કલેક્ટર સુરભી ગૌતમ તથા માનનીય જિલ્લા વિકાસ અધિકારી સ્મિત લોઢા ને OBC સમાજના ટેટ પાસ ઉમેદવારો તથા સમાજના આગેવાનો દ્વારા આવેદન પત્ર આપીને 27% મુજબ જ OBC સમાજની જગ્યાની ફાળવણી કરીને ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવે એવી માંગ કરવામાં આવી છે.સાથે-સાથે અત્યાર સુધીની કોઈપણ વિભાગની ભરતી પ્રક્રિયા દરમિયાન 27% OBC સમાજના ઉમેદવારો સાથે જે વિસંગતતા સર્જાય છે,જે અન્યાયનો સામનો કરવા પડ્યો છે,તે આવનાર ભરતી પ્રક્રિયામાં ધ્યાનમાં રાખવામાં આવે એ માટે પણ રજૂઆત કરવામાં આવી છે.

### કાલોલ જી.આઇ.ડી.સી. પાસેથી બાતમીના આધારે ઝડપાયો

## દારૂના કેસમાં ફરાર ભાજપના કિસાન મોરચાનો મંત્રી ઝડપાયો



(પ્રતિનિધિ) કાલોલ તા.22

પંચમહાલ જિલ્લામાં નાસતા-ફરતા વોન્ટેડ આરોપીઓને ઝડપી પાડવા માટે પોલીસ તંત્ર દ્વારા ચલાવવામાં આવી રહેલી ડ્રાઈવ અંતર્ગત કાલોલ પોલીસને એક મોટી સફળતા મળી છે. રાજગઢ પોલીસ સ્ટેશનના પ્રોહીબિશનના ગુનામાં છેલ્લા ૬ મહિનાથી પોલીસને ચકમો આપી નાસતા-ફરતા એક વોન્ટેડ આરોપીને કાલોલ પોલીસે બાતમીના આધારે ઝડપી પાડ્યો છે. ઉચ્ચ પોલીસ અધિકારીઓ દ્વારા જિલ્લામાં નાસતા-ફરતા આરોપીઓને પકડવા ખાસ સૂચના આપવામાં આવી હતી. આ સૂચના અન્વયે કાલોલ વિભાગના નાયબ પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ કાલોલ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર આર.ડી. ભરવાડ કાર્યરત હતા. તે દરમિયાન પી.આઈ. આર.ડી. ભરવાડને હ્યુમન સોર્સીસ અને ખાનગી બાતમીદાર દ્વારા ચોક્કસ માહિતી મળી હતી કે, રાજગઢ પોલીસ સ્ટેશનના પ્રોહીબિશન એક્ટ કલમ ૬૫(એ)(ઈ), ૯૮(૨), ૮૧ મુજબના ગુના નો વોન્ટેડ આરોપી અશ્વિનભાઈ ઉર્ફે લાલો વિનોદભાઈ પરમાર (રહે. ખંડોળી મંદિર ફળિયું, તા. કાલોલ, જી. પંચમહાલ) જીલ્લા કિસાન મોરચા ભાજપ ના મંત્રી હાલમાં કાલોલ ડેરોલ સ્ટેશન રોડ પર આવેલી જી.આઈ.ડી.સી. પાસે ઊભો છે. જે બાતમીના આધારે કાલોલ પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફના માણસોએ તાત્કાલિક સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. પોલીસે બાતમીવાળી જગ્યાએથી આરોપી અશ્વિનભાઈ ઉર્ફે લાલો પરમારને કોર્ડન કરીને ઝડપી પાડ્યો હતો. આરોપી મળી આવતા પોલીસે તેની અટકાયત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત શૌચાલય બન્યું

## કાલોલમા રૂ. ૧૭ લાખના ખર્ચે નવિન શૌચાલય ખુલ્લું મુકાયું

(પ્રતિનિધિ) કાલોલ તા.22

કાલોલ શહેરમાં સ્વચ્છતાના સ્તરને વધુ મજબૂત કરવા અને નાગરિકોને પ્રાથમિક સુવિધાઓ પૂરી પાડવાના હેતુથી 'સ્વચ્છ ભારત અભિયાન' અંતર્ગત એક મહત્વપૂર્ણ લોકાર્પણ કરવામાં આવ્યું છે. કાલોલ નગરપાલિકા પાછળ અંદાજિત રૂ. ૧૭ લાખના માતબર ખર્ચે તૈયાર કરવામાં આવેલા આધુનિક નવીન શૌચાલયને આજ રોજ જાહેર જનતા માટે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. સામાન્ય નાગરિકો, ખાસ કરીને મહિલાઓની સુવિધા અને આરોગ્યને ધ્યાનમાં રાખીને આ શૌચાલયનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેમાં પુરુષો અને મહિલાઓ માટે અલગ-અલગ વિભાગો બનાવી નીચે મુજબની સગવડો ઉપલબ્ધ કરાવાઈ છે. મહિલાઓ માટે: ૫ અત્યાધુનિક શૌચાલય શીટ,પુરુષો માટે: ૫ શૌચાલય શીટ પુરુષો માટે વિશેષ: ૫ યુરિનલ (પેશાબઘર) અગાઉનું શૌચાલય જર્જરીત બન્યા બાદ લાંબા સમયથી બંધ હતુ નવા શૌચાલયની ખુબ જ જરૂરિયાત હતી ત્યારે નગરપાલિકાની પાછળના વિસ્તારમાં નવું શૌચાલય કાર્યરત થતાં અહીં આવતા મુલાકાતીઓ, વેપારીઓ અને સ્થાનિક રહીશોને વર્ષો જૂની સમસ્યામાંથી મુક્તિ મળશે. સ્વચ્છ ભારત મિશનના ભાગરૂપે બનેલા આ શૌચાલયના કારણે વિસ્તારમાં સ્વચ્છતા જળવાઈ રહેશે.

### ધારાસભ્યની ભલામણ હોવા નફ્ફટતંત્ર ગાંઠતુ નથી !

## ભાણપુરાથી રાયણમુવાડા અને દુધાપુરા ચોકડીનો રસ્તો ખખડધજ

**કાગળ પર** દરખાસ્ત બતાવીને જનતાને ક્યાં સુધી છેતરવામાં આવશે?



(પ્રતિનિધિ) કાલોલ તા.22

ઘોઘંબા મતવિસ્તારના ભાણપુરા બસસ્ટેન્ડથી શરૂ થઈને રાયણમુવાડા ગામ થઈ દુધાપુરા ચોકડી સુધીના ૩.૨૦ કિલોમીટરના મુખ્ય રસ્તાને નવો બનાવવા માટે રૂ. ૨.૫૦ કરોડનું બજેટ સરકારી કાગળ પર મંજૂર કરવા માટે મોકલવામાં આવ્યું હોવા છતાં, આજે પણ જમીની હકીકત એ છે કે આ રસ્તો બિસ્માર હાલતમાં છે અને લોકો નરક જેવી સ્થિતિ ભોગવી રહ્યા છે. અમારી પાસે હવે પુરાવો છે કે આ રસ્તો સરકારના ધ્યાનમાં છે. તેમ છતાં કામ રોકી રાખવામાં આવ્યું છે. જો આ ખરાબ રસ્તાના કારણે કોઈ અકસ્માત થશે અને કોઈ પરિવારના મોભી, ભાઈ કે દીકરાનું મૃત્યુ થશે, તો તેના માટે જવાબદાર કોણ? શું કાર્યપાલક ઈજનેર (માર્ગ અને મકાન પંચાયત વિભાગ, ગોધરા) આની જવાબદારી લેશે?ચોંકાવનારી બાબત એ છે કે આ એ જ રસ્તો છે જેને ઘોઘંબા મતવિસ્તારના રસ્તાની દરખાસ્ત માં ક્રમ નંબર ૧ પર રાખીને રૂ. ૨૫૦.૦૦ લાખ (૨.૫ કરોડ) ના ખર્ચે રિસર્ફેસીંગ કરવાની ભલામણ થયેલી છે. ધારાસભ્યની ભલામણ અને ૨.૫૦ કરોડની દરખાસ્ત હોવા છતાં વહીવટી મંજૂરી મેળવવામાં સ્થાનિક અધિકારીઓ કેમ નિષ્ફળ રહ્યા? શું આ રસ્તાના નામે કોઈ વહીવટી ખેલ ખેલાઈ ગયો છે? કાગળ પર દરખાસ્ત બતાવીને જનતાને ક્યાં સુધી છેતરવામાં આવશે?

### હાલોલ સરકારી દવાખાને સારવાર મળે તે પહેલા જ કરુણ મોત નીપજ્યું

## હાલોલમાં પાટીયાના મુવાડા ગામે વીજ કરંટ લાગતા ભાડાના મકાન બહાર બે યુવકના મોત





(પ્રતિનિધિ) હાલોલ તા.22

હાલોલ તાલુકાના કંજરી ગામના પાટિયાના મુવાડા ખાતે એક પછી એક કરંટ લાગતા છોટાઉદેપુર જિલ્લાના બે શ્રમિકોના કરૂણ મોત. પંચમહાલ જિલ્લાના હાલોલ તાલુકાના કંજરી ગામનાપાટિયાના મુવાડા વિસ્તારમાં કરંટ લાગવાની દુર્ઘટનામાં છોટાઉદેપુર જિલ્લોના બે યુવકોના કરૂણ મોત નિપજતાં સમગ્ર વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. બંને યુવકો હાલોલ GIDC વિસ્તારમાં આવેલી વિક્રાંત ઓટો કંપનીમાં નોકરી કરતા હતા અને પાટિયાના મુવાડા ખાતે ભાડાના મકાનમાં રહેતા હતા. મૃતકોમાં કદવાલ ગામના 28 વર્ષીય વિજયભાઈ બારીયા તથા કદવાલ મુવાડાના કસલા ફળિયાના રહેવાસી રાકેશભાઈ રાઠવાનો સમાવેશ થાય છે. રાકેશભાઈ પરિણીત હતા અને તેમને ત્રણ સંતાનો હોવાનું જાણવા મળ્યું છે, જ્યારે વિજયભાઈ અપરિણીત હતા. પ્રાપ્ત માહિતી મુજબ, વિજયભાઈ બારીયા પોતાના ભાડાના રૂમની બહાર પતરાની સાથે જોડાયેલ લોખંડનો સળીયો અને લાકડું પકડીને ઉભા હતા. તે દરમિયાન અચાનક લોખંડના સળિયામાં કરંટ ઉતરતા તેઓ જોરથી નીચે પટકાયા હતા. આસપાસના લોકોને શરૂઆતમાં લાગ્યું હતું કે તેમને ચક્કર આવ્યા હશે. તેથી સ્થાનિકોએ તાત્કાલિક 108 એમ્બ્યુલન્સને જાણ કરી અને તેમને હાલોલ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવાની કાર્યવાહી હાથ ધરી હતી. આ દરમિયાન રાકેશભાઈ રાઠવા ત્યાં હાજર લોકોને ઘટના વિશે સમજાવી રહ્યા હતા કે વિજયભાઈ અહીં ઉભા હતા અને અચાનક પડી ગયા હતા. ત્યારે અચાનક રાકેશભાઈને પણ એ જ સ્થળે કરંટ લાગતા તેઓ પણ જમીન પર ઢળી પડ્યા હતા. ઘટનાની ગંભીરતા સમજાતા વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી. બંને યુવકોને અલગ અલગ 108 એમ્બ્યુલન્સ મારફતે હાલોલ સરકારી હોસ્પિટલ રેફરલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, પરંતુ સારવાર મળે તે પહેલાં જ તબીબોએ બંનેને મૃત જાહેર કર્યા હતા. ઘટનાને પગલે સ્થાનિક લોકોમાં ભય અને દુ:ખની લાગણી ફેલાઈ ગઈ હતી.

## કાલોલ લક્ષ્મી મહિલા મંડળની કારોબારી સમિતિની રચના

કાલોલ: શ્રી કાલોલ લાડ જ્ઞાતિ સમસ્ત સંચાલિત સ્વ. શ્રીમતી હીરાલક્ષીબેન કાંતિલાલ મહેતા પ્રેરિત લક્ષ્મી મહિલા મંડળ ના નવા હોદ્દેદારોની વરણી કાલોલ લાડ જ્ઞાતિ સમસ્ત ના હોદ્દેદારોની અધ્યક્ષતામાં તા.20^5-2026ના રોજ મહિલા મંડળ ના હોદ્દેદારો અને કારોબારી કમિટીની વરણી કરવામાં આવી. કન્વીનરશ્રીમતી કોકીલાબેન શશીકાંતભાઈ પરીખ પ્રમુખ દીપ્તિબેન ગિરીશકુમાર પરીખ ઉપપ્રમુખ ચેતનાબેન સતિષભાઈ અને કોમલબેન પીનલભાઈ પરીખ મંત્રી યોગીનીબેન દિનેશભાઈ સહમંત્રી ગીતાબેન સંજયભાઈ ગાંધી ખજાનચી જલ્પાબેન નીરજકુમાર મહેતા તેમજ હાજર રહેલ બહેનોને કારોબારી સમિતિના સભ્યમાં વરણી કરવામાં આવી.

### ફતેપુરા તાલુકાના ઢઢેલા ગામે સહિયારી પહેલ કરાઇ

## આદિવાસી પરંપરાગત જ્ઞાન અને પ્રકૃતિ સંરક્ષણ પર સંવાદ યોજાયો



( પ્રતિનિધિ ) સુખસર,તા.22

આંતરરાષ્ટ્રીય જૈવવિવિધતા દિવસ 2026 નિમિત્તે, 22 મે, 2026 ના રોજ વાગધરા સસ્થા અને કૃષિ અને આદિવાસી સ્વરાજ સંગઠન -ફતેપુરા ના નેતૃત્વ હેઠળ ફતેપુરા તાલુકાના ઢઢેલા માં આદિવાસી પરંપરાગત જ્ઞાન અને પ્રકૃતિ સંરક્ષણ પર સંવાદ નામનો એક સમુદાય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય આદિવાસી સમુદાયોના પરંપરાગત જ્ઞાન,સ્થાનિક સંસાધનો અને સમુદાયના પ્રયાસો દ્વારા જૈવ વિવિધતા સંરક્ષણની જરૂરિયાતને પ્રકાશિત કરવાનો હતો.આ વર્ષની થીમ આદિવાસી પરંપરાગત અને સ્થાનિક જ્ઞાન દ્વારા વૈશ્વિક જૈવ વિવિધતાનું સંરક્ષણ કરવામાં આવશે.
જ્યારે પેટા થીમ નવી પેઢી સાથે - બીજ,છોડ,પાણી અને પ્રાણીસૃષ્ટિની વિવિધતાને બચાવવા માટે એક સહિયારી પહેલ હતી.આ કાર્યક્રમ સફળ બનાવવામાં યોગેશભાઈ પારગી, સુરેખાબેન પારગી,છગનભાઈ ડામોર, સુમિત્રાબેન ગરાસીયા એ મહત્વનો ભાગ ભજવ્યો હતો.

### પ્રમુખ પદ અઢી વર્ષ માટે મહિલા એસટી માટે અનામત

## દાહોદ જિલ્લા પંચાયત પ્રમુખ ઉપપ્રમુખની ચૂંટણી આજે યોજાશે

(પ્રતિનિધિ) હાલોલ તા.22

દાહોદ જિલ્લા પંચાયતના પ્રમુખ અને ઉપપ્રમુખ પદની ચૂંટણીને લઈને સ્થાનિક રાજકારણમાં ભારે ઉત્તેજના અને અટકળોનો દોર શરૂ થઈ ગયો છે. તાજેતરમાં જાહેર થયેલી સરકારની ચૂંટણીમાં સત્તાધારી પક્ષ ભાજપ ૫૦ બેઠકોમાંથી ૩૭ બેઠકો પર ભવ્ય વિજય મેળવ્યો હોવાથી અંદાજ સ્પષ્ટ રાખે છે. ભાજપ સ્પષ્ટ બહુમતી બાદ હવે પ્રમુખ પદ માટે કોની પસંદગી કરવામાં આવશે તેના પર સૌની નજર મંડરાયેલી છે.

આ વખતે દાહોદ જિલ્લા પંચાયતના પ્રમુખ પદ બેઠક અનુસૂચિત જનજાતિ મહિલા માટે અનામત રાખવામાં આવ્યો હોવાથી આદિવાસી મહિલા સભ્યોમાં પ્રમુખ બનવા માટે ભારે ઉત્સુકતા જોવા મળી રહી છે.સત્તાધારી ભાજપમાં ચાલી રહેલી ચર્ચાઓ મુજબ લીમખેડા, ધાનપુર અથવા દાહોદ તાલુકાની કોઈ પણ આદિવાસી મહિલા જિલ્લા પંચાયત સભ્યને પ્રમુખ પદની જવાબદારી સોંપવામાં આવી શકે છે. પ્રમુખ મોરચે મંત્રણાઓ પૂરજોશમાં અને સ્થાનિક સંગઠનોને માનવે રાખીને આગેવાની નિર્ણય લેવામાં આવશે. જિલ્લા પંચાયતના ભાજપ પ્રધાન આગેવાનો કેન્દ્રિત ચર્ચાઓ જોવા મળી રહી છે.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, ધાનપુર તાલુકામાંથી રોટેશનલ આવીને આદિવાસી મહિલા સભ્યનું પદ પ્રમુખ પદની સ્પર્ધા સુધી વધી હોવાનો સંકેત મળી રહ્યો છે. ધાનપુર અને દાહોદ તાલુકાના સભ્યો પણ પાછળ નથી, જેના કારણે પક્ષ માટે સર્વસંમત નામ નક્કી કરવું અઘરું બની શકે છે.આગામી જિલ્લા પંચાયત પ્રમુખ અને ઉપપ્રમુખ પદની સત્તાવાર ચૂંટણી પ્રક્રિયા હવે મંડશે છે. ભાજપ હાઈકમાન્ડ દ્વારા નક્કી કરાયેલા ઉમેદવારના નામનું મેરીટ કોને સોંપાય તે જાણ કરવામા આવશે. પ્રમુખ પદના નામ પર પક્ષ સંગઠન મોરચે શાંતિ દાખવવાની ભારોભાર તકેદારી રાખવામાં આવી રહી છે. દાહોદ જિલ્લા પંચાયતની પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણી આવતી કાલે યોજાશે અને તેના પરિણામ પર સૌની નજર મંડરાયેલી છે.

## વાડીનાથ ઓપન લીગમાં ઓમ સાંઈ ટીમ ચેમ્પિયન

ઘોઘંબા : ઘોઘંબા તાલુકાના વાડીનાથ ગામમા ઓપન વાડીનાથ પ્રિમિયમ લીગ મેચ મા ટોટલ 150 + ટીમોયે ભાગ લીધો હતો. ટુર્નામેન્ટની ફાઈનલમાં ઓમ સાઈ ઈલેવન અને શાકભાજી ઈલેવન વચ્ચે ખેલ ખેલાયો હતો. જેમા ઓમ સાઈ ઈલેવન ને ટોસ જીતી ને ફિલ્ડિંગ લીધી હતી જવાબ મા શાકભાજી ઈલેવનેપેહલી બેટિંગ મા 12 ઓવર મા 74 રન માર્યો હતા તેની સામે જવાબ મા ઓમ સાઈ ઈલેવન એ 4 વિકેટ ગુમાવી 75 રન આઠ ઓવર ને 3 બોલ મા રન ચેજ કરી ભવ્ય વિજય મેળવ્યો હતો. જેમા વિનર ઈનામ 31551+ટ્રોફી તથા રનર્સઅપ ટીમ ને 15551+ ટ્રોફી એનાયત કરવામા આવી હતી.બેસ્ટ બોલર અને મેન ઓફ ધ મેચ ધવલભાઈ અને બેસ્ટ બેસ્ટમેન તરીકે આયુસભાઈ ને ટ્રોફી આપવામા આવ્યુ હતુ

### હોટલોમાં ઘરેલું સિલિન્ડર ઉપયોગથી ઉઠ્યા અનેક સવાલો

## દાહોદ જિલ્લામાં ગેસ એજન્સી અને વહીવટી તંત્રની બેદરકારી સામે લોકોમાં ભારે આક્રોશ




( પ્રતિનિધિ ) દાહોદ,તા.22

દાહોદ જિલ્લાના દેવગઢ બારિયા તાલુકાના અંતેલા, પીપલોદ ગુણા તમામ ગેસ એજન્સીઓ અને બારિયા વિસ્તારોમા પણ એલપીજી ગેસની સમસ્યાએ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે. એક તરફ દેશના વડાપ્રધાન કટોકટી જેવી પરિસ્થિતિમાં દેશની વ્યવસ્થા જાળવવા માટે પ્રજાને સહકાર અને સંયમ રાખવાની અપીલ કરતા હોય છે, ત્યારે બીજી તરફ જીવન જરૂરિયાત ગણાતી એલપીજી ગેસ જેવી મૂળભૂત સુવિધામાં અછત જેવી સ્થિતિ ઉભી થતાં સામાન્ય લોકોમાં રોષ ફેલાયો છે. વિસ્તારના લોકોના આક્ષેપ મુજબ ઇન્ડિયન ગેસ અને ભારત ગેસ એજન્સીઓ દ્વારા સિસ્ટમ એરર, નવી અપડેટ, ઓટીપી સમસ્યા જેવા કારણો બતાવી ગ્રાહકોને દિવસો સુધી ધક્કા ખવડાવવામાં આવે છે.

અનેક પરિવારોને 45 થી 60 દિવસ સુધી ગેસ બુકિંગ ન થવા અને સિલિન્ડર ન મળવાના બનાવો સામે આવ્યા હોવાનું લોકો જણાવી રહ્યા છે. બીજી તરફ હાઈવેની હોટલો, નાસ્તાના ઠેલા અને લારીઓ પર કોમર્શિયલ સિલિન્ડરના બદલે ઘરેલું લાલ રંગના ઈન્ડિયન અને ભારત ગેસના સિલિન્ડરો ખુલ્લેઆમ વપરાતા હોવાના દ્રશ્યો ચર્ચાનો વિષય બન્યા છે. જેના કારણે સામાન્ય લોકોમાં સવાલ ઉઠી રહ્યો છે કે જરૂરિયાતમંદ પરિવારોને ગેસ ન મળે અને વેપારી સ્થળોએ ઘરેલું સિલિન્ડરો સરળતાથી કેવી રીતે પહોંચી રહ્યા છે? લોકોમાં એવી ચર્ચા પણ ચાલી રહી છે કે ગેસ એજન્સીઓની બેદરકારી, વધારાની કમાણીની લાલચ અને સ્થાનિક વહીવટી તંત્રની નિષ્ક્રિયતા કારણે ગેરવહીવટ અને કાળા બજાર જેવી સ્થિતિ ઊભી થઈ રહી છે.

પુરવઠા વિભાગ અને મામલતદાર કચેરીના જવાબદાર અધિકારીઓ સામે પણ લોકોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. હવે લોકો માંગ કરી રહ્યા છે કે સ્થાનિક પ્રશાસન, પુરવઠા વિભાગ અને જવાબદાર અધિકારીઓ તાત્કાલિક તપાસ હાથ ધરી ઘરેલું ગેસના વેપારી ઉપયોગ સામે કડક કાર્યવાહી કરે અને સામાન્ય પ્રજાને સમયસર ગેસની સુવિધા ઉપલબ્ધ કરાવે.